"બૌધ્ધિક અસમર્થતા ધરાવતી (મનો દિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય" યોજનામાં ખાતું ખોલાવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
હુકમ ક્રમાંક-અપગ/૧૦/૨૦૨૦/૩૭૫૭૬/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૮/૦૯/૨૦૨૧.

વંચાણે લીધા:-

(૧)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૭/૨૦૨૦ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૨)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪/૧૧/૨૦૨૦ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૩)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/03/૨૦૨૧ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૪)નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૨૪/૧૨/૨૦૨૦ નો પત્ર ન.અપગ/એકાઉન્ટ/૨૦-૨૧/૭૦૧.

(૫)નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૨૫/૦૮/૨૦૨૧ નો પત્ર ન.અપગ/મનો દિવ્યાંગ પેન્શન બેંક એકાઉન્ટ/૨૧-૨૨/૩૨૭.

હુકમ:

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી ૮૦% થી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને આવકમર્યાદાના બાધ સિવાય માસિક રૂ.૧૦૦૦/- સહાય આપવા બાબતે કુલ રૂ.૧૦૮૦.00 લાખ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. આ યોજનામાં વિભાગના ક્રમાંક (૨) પરના ઠરાવથી જરૂરી સ્પષ્ટતા તેમજ શરતો ઠરાવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના ઠરાવથી આ યોજનાનું નામ " બૌધ્ધિક અસમર્થતા ધરાવતી (મનો દિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય " **"(Financial Assistance to Persons with Intellectual Disability (Mental Subnormality)"** એમ નક્કી કરવામાં આવેલ છે.

આ યોજનાનો લાભ NSAP અંતર્ગત DBT થી સીધો જ લાભાર્થીના બેન્ક એકાઉન્ટમાં ચુકવી શકાય તે માટે રાષ્ટ્રીયકૃત બેન્કમાં ખાતુ ખોલાવવાની વંચાણે લીધેલ

ક્રમાંક (૪) ઉપરની નિયામકશ્રી, સમાજ સુરક્ષાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવેલ છે.

નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષાના વંચાણે લીધેલ ક્રમાંક (૪) ઉપરના પત્ર મુજબ આ યોજના માટે **DIRECTOR, SOCIAL DEFENCE (FINANCIAL ASSISTANCE TO PERSONS WITH INTELLECTUAL DISABILITY (MENTAL SUBNORMALITY)"** નામનું ખાતું **STATE BANK OF INDIA, SECTOR-22, SHIVAM 314, P.B NO-1, 1ST FLOOR, NEAR GH-5 BUS STOP, GANDHINAGAR** માં ખોલાવેલ છે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૭/૦૭/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (પેન્શન અને તિજોરી), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લૉક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂં.
- શાખા સિલેક્ટ ફાઇલ.